॥ श्री जैनधर्म जयती ॥

રચનાર. મોતીલાલ વિ. ઓઘડ વોરા. અમરેલી.

स्थूलीभद्र शियळ महात्म.

છપાવી પ્રસીદ્ધ કર્તા. ભુલાભાઈ હરીદાસ શા.

अमदावाद
"एंग्लो वर्नाक्युलर प्रिन्टिंग प्रेस."

कीमत. ०–३–०

સ્થૂલીભદ્ર શિયળ મહાત્મ.

[જેનીઅંદર પૃથુરાજરાઠોડ, રાજસીંહ, વીમળદેવી વિગરેના રાગોથી ભરપુર]

બનાવનાર.

વાડીલાલ ઓઘડ વ્હોરા.

લીંબડીવાળા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા૦ ડાહ્યાભાઈ લલ્લુભાઈ.

તથા.

શા૦ વાડીલાલ હરીલાલ.

આવૃતિ પેહેલી.—પ્રત ૧૦૦૦

અમદાવાદ.

[illegible] પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યો

સંવત ૧૯૪૬ સન ૧૮૯૦

કીંમત રૂ૦—૩—૦

৩১৪

स्थूलीभद्र शियळ महात्म्य

पात्रो.

શુકડાલ..............................નંદરાજાનો પ્રધાન
સ્થૂલીભદ્ર..............................શુકડાલનો જેષ્ટ પુત્ર
કોશ્યા..............................એક ગુણકા
દાસી..............................ગુણકાની
નંદરાજા..............................પાંડલીપુરનો રાજા
વરરૂચી..............................એક વિપ્ર
જક્ષા..............................શુકડાલની પુત્રી.
છોકરાઓ..............................ગામના વિદ્યાર્થી.
લાછલદે..............................સ્થૂલીભદ્રની માતુશ્રી
શ્રીયો..............................સ્થૂલીભદ્રનો ભાઇ.
સંભુતવિજયજી..............................મુની મહારાજ.
સુત્રધાર..............................એક મશ્કરો
વીદુષક..............................મશ્કરો બ્રાહ્મણ

સ્થૂલીભદ્ર શિયળ મહાત્મ.

सूत्रधार— **ચાલ—ગિતી.**

જગદીશ્વર જયવંતા, જાગંતા જીનરાજ નમું આજે;
પાંડલીપુરની મધે, સ્થુલીભદ્ર જે થયા મુનીરાજે.
ચરિત્ર તેનું આજે, વર્ણવું પ્રેમ ધરી હું સભા માંહી;
સહાય તારી માગુ, પસાય આપો મહેર કરી આંહી.

ચોપાઈ.

વિદુષકને કીધું છે ઉમંગે, કાલે આવજે વ્હેલો પ્રસંગે;
પણ હજુ નહીં તેહ આવ્યો, શું તે કારજ માંહી ઘુંચાયો.

विदूषक—(પ્રવેશ કરીને)

આવ્યો છું હું હવે સૂત્રધાર, કેમ કામ પડયું શું યાર;
કહો તેનો મને વૃતાંત, કરી આપું છું મારી ખાત.

सूत्रधार— **ગિતી.**

વડીલાલ કૃત આજે, સ્થુલીભદ્ર જે શિયલ મહાત્મ સાર;
સભા સમક્ષે કરવું, હસાવવાને કામ પડયું તારૂં.

विदूषक— **ચોપાઈ.**

મને ટેવ પડી છે નઠારી, જોઈએ લાડુ તણી પતરાળી;

सूत्रधार—

મન માનતા લાડુ ખાજે, પાત્ર સંગમાં તૈયાર થાજે.

मंगळाचरण.

कर्त्ता—

यत.

॥ जगदीश जीन पति सुख करं, ॥

॥ भवि जीवना सब अघ हरं; ॥

॥ जीनेंद्र शर्म तुं शिव करं, ॥

॥ आश्रय आपो प्रणम्यहं. ॥

सर्वेपात्रो—

झींझोटी ठुमरी.

વિનતી ધરજો ધ્યાન, સજ્જન સહુ૦

દાદ ધરો તુમે ધ્યાન, ગુણીજનો દાદ ધરો તુમે ધ્યાન;

અલ્પમતિ અજ્ઞાની અદકો, નથી હું બુદ્ધિવાન. ગુણી૦

સ્થુલીભદ્ર ચરિત્ર આરંભુ, વિશ્વે થયા જ્યવાન; ગુણી૦

કુલદીપક સુકઆલ સુહંકર, શોભાવ્યું ગુણવાન. ગુણી૦

વેશ્યા વ્યસનને દૂર કરીને, સાધ્યા શીવ ગતી તાન.ગુણી૦

ઉત્તમ વર્ણંત આજ તે ગુણો, દઈ તમે ખૂબ ધ્યાન. ગુણી૦

આશકે સુત વાડીલાલ તે માગે, ભૂલની માફી તમામ.ગુણી૦

શાંતીજીનનીસ્તુતી.

રાગ—ભેરવી.

પ્રભુ શાંન્તી જીનેશ્વર મહેર કરો,

તુમ બાળ તણાં સબ દુઃખ હરો; ——— ટેક.

જય ઉપગારી અમીરાનંદા, સુખ તમારૂં પુનમ ચંદા;
જગ જયવંતા તુજ ખરા. પ્રભુ૦
ભવજળ નિધી કર્મ ચપેટા, મારે મને બહુ જોર ઝપેટા;
તેહ તમે હવે દૂર ધરો. પ્રભુ૦
દરીશન શીવસુખકંદ તમારૂં, લાગ્યું મને અમૃત સમ પ્યારૂં;
મુજતણાં અઘ દૂર હરો. પ્રભુ૦
દીકર જોડી વિનતી આજે, કરૂં હવે હું હે જીનરાજે;
આપો મને શીવકંદ ઝરો. પ્રભુ૦

સ્થુલીભદ્ર—(પોતાના પીતા પ્રેત્યે)

ચાલ—ગીતીની.

પુજ્ય પીતાજી મારા, આજ ઉદાશી આપ દીશો ચીત્તે;
વિચાર-શું મન ધારો, કહો બાળને સત્ય વચન પ્રીતે.

મુકડાલ— **રાગ-સદ્દર.**

પ્રીય પુત્ર હે મારા, વચન શ્રણુજે સત્ય કહું મારૂં;
વિધા હુન્નર માટે, કરો તમે જો પ્રયાસ તો સારૂં.

સ્થુલીભદ્ર—(સ્વગત) **રાગ—ઈંદ્રસભા.**

પીતાતણો વિચાર, આજ આવીઓ ખરે;
નિતિ શાસ્ત્ર માંહી તો, લખે છે એમરે.
વિચરી વિદેશમાં, કરે મુસાફરી;
વિદ્ર સંગ વિદ્વતા, મળે ખરે ખરી.

કળાનીધી છે ગુણખાણ, રહે ધરી જ્યો પ્રીત;
ધર્મુંક શાસ્ત્ર, વાંચવાથી, બુદ્ધિ તો ખચીત.
અર્થમાં અથાગ કોણ, ક્યાં રહીશું મન;
વિચાર સુજતો નથી, સુઝાય મારૂં તન.

(થોડી વાર પછી પીતા પ્રત્યે.)

स्थुलीभद्र— રાગ—અરે લાલદેવ.

પીતાજી થયો છે ખરે આજ પ્યાર,
જવા મુજ વારાંગનાનેજ દ્વાર;
કળા શીખશું ત્યાં ધરી એક ચીત,
થશે મનરંજન મારૂં ખચીત.

सुकडाल— રાગ—સદર.

ભલે પુત્ર મારા સુખેથીજ જા,
ભણી શુભ વિદ્યા સુખી નિત્ય થા;
વળી ગાનતાને થજે બુદ્ધિવાન,
શીખો ગુણ સારા દઈ ખુબ ધ્યાન.

स्थुलीभद्र— રાગ—ગુજલ.

પીતાજી જાઉંછું હવે, વારંગનાતે દ્વાર;
સકળ ગુણ શીખી ત્યાં, થાઉં હું હુશીયાર.

कोस्या—(પોતાની ડાબી આંખ ફરકવાથી દાશી પ્રત્યે)

રાગ—રીખભજીનુંદ વીમલગીરી મંડણ.

આજ સખી મુજ આણુંદ છીજે, અંગ સહીશું તે કહીયે;

શું ફળ તે હોવે (૨) અરજ તેહનો આજ ખરે ચહીયે.
• નયન અમારાં આજ ફરકે, ડાબા શુકન શુભ લહીયે;
ફરો હવે તમે તો (૨) મહેલ મહીં શુભ દીપ વાતચીતમેં ચહીયે.

दासी— રાગ—અબોલા શાને લ્યો છે.

પ્યારા બાઈ આજ તમોને, ઉત્તમ પુરૂષ મળશે. પ્યા૦
નયન તમારાં ડાબાં ફરકે, શુકને નિશ્ચે ફળશે. પ્યા૦
વિરહાનળની ઝાળ તમારી, આજ તો દુરે ટળશે. પ્યા૦
મહેલ મહીં હું દીપ રચાવું, રંગ કરૂં અતિ હર્ષે. પ્યા૦

कोश्या—(સ્થુલીભદ્રને આવતા જોઈ હર્ષિત થઈને)

રાગ—માઢ (મેરા ગમકે તરાના)

પ્રાણનાથ અમારા, આંહી પધાર્યા, આનંદ આજ અંગ,
વીરહાનળ મારા. કરશો ન્યારા. આંહી પધાર્યા, આનંદ આજ૦
સોના સરીખો સુરજ ઉગ્યો, દુધે વુઠ્યા મેહ;
સુરતરૂ અમ આજે ફળીયો, પાવન કરીયો દેહ.
કરી મહેર મોરારી, આપ પધારી, જય જયકારી. આનંદ૦
આનંદના ઉભરા મુજ આવે, વર્ણવતાં નવ જાય,
પ્રાણપતી અતી મહેર કરી છે નમું પડી પીયુ પાય;
રમો સાથ અમારી, રંગ વધારી. જયજયકારી. આનંદ૦

स्थुलीभद्र— રાગ—લાવણી.

શણુ પ્યારી કોશ્યા, આજ કહું તે કાને;
મુજ મનડું તો મુંઝાય, અરે ભણવાને.

હું પ્રેમ થકી આ વાર, આવીઓ આંહી;
કાંઈ કળા શીખવા આજ, એતી સુખદાઇ.

कोश्या— રાગ—સેદર.

હો સ્થુલીભદ્ર હું ગણું પ્રાણથી પ્યારા;
તુમ દુઃખ દેવા જે હશે કરું તે ન્યારા.
નહીં ઉચાટ રાખો આપ જરા મન માંહી;
બેફિકર થઈને રહો; પતિ મમ આંહી.

दाशी—(પ્રવેશ કરીને)

છે રસોઈ તો તૈયાર, ચાલો જમવાને;

कोश्या—પીયુ પધારો જમવા કાજ, રસોઈ ખાને.

नंदराजा—(પ્રધાન પ્રત્યે પોતાની પ્રજાનો હેવાલ પુછે છે)

રાગ—કેરબો.

સુણો સુણો પ્રધાના, વાત મારીરે;
વાત મારીરે, વાત મારીરે, સુણો સુણો. ટેક.
પ્રજા માંહી કેવાં ચાલે છે. ન્યાય નિતિનાં કામ;
જૈનધર્મની કેવી ઉન્નતી, ખબર દીજો તમામ. સુણો
કેળવણી કેવી ચાલે છે, કહો પ્રધાના આજ;
સુખ દુઃખ વળી પ્રજા મહીશું, કરે છે કેવાં કાજ. સુણો.

મુકડાલ— **રાગ—જખ્યાવો સીતમકો.**

સુખી છે પ્રજા આપ પ્રતાપથી,
રહે નીતી રીતી સહુ આપથી;
વળી જૈનધર્મ તણી ના મણાં,
કુશળ છે સહુ સેરમાંહી ઘણાં.
પતીવૃત પાળે વળી સુરનાર,
દીસે રાજમાંહી ખરે જયકાર.

(એટલામાં એક વિપ્ર આવી).

વિપ્ર— **હરીગીતવૃત.**

[illegible] સ્વર્ગ સમાન સુંદર, શહેર આ અતી શોભતું,
બહુ બુરજ સ્વચ્છ સુકામ ઓટાં, જોઈને મન લોભતું.
બહુ બાગનો નહી પાર જ્યાં, નિતી દીસે સહુ રાજમાં,
ચડતી હજો દિન દિન પ્રત્યે, શુભ નંદરાજા રાજમાં.
વિદ્યા અનંતી આપી તેના, સૈન્યમાં ચડતી કરો,
શુભ વંશનો વિસ્તાર દઈ, જગદેવ દોલતથી ભરો;
જેને પ્રતાપે રંકપણ, સુખી સદા આ રાજમાં.
ચડતી હજો દિન દિન પ્રત્યે. શુભ નંદરાજા રાજમાં.
મહા શાંન્ત સ્વભાવીકને, જે પુન્યના ઉદાર છે,
કૃપાતણી નજરે ફરો, પ્રજાપરે બહુ પ્યાર છે;
જે દિન પ્રત્યે દાન આપે, વિપ્રને વિરતાજમાં,
ચડતી હજો દિન દિન પ્રત્યે, શુભ નંદરાજા રાજમાં.

नंदराम—(ખુશી થઈ.) ગીતિ.

ખુશી થયો હું આજે, કામ વિપ્રનું થશી મંત્રી મારાં,
માટે બક્ષિસ આપો, લાખ સોનૈયા મોહોર તમે સારાં.

विप्र— રાગ—સદર.

અવિચલ તપજો રાજા, સુખી થજોને કરો મોજ માજા;
એવી આશીશ આપું, દયા દુઃખને કરો દ્રવ્ય તાજા.

(પ્રધાન વિપ્રને દાન આપીને વિદાય કરે છે ત્યાર બાદ ઉદાસીમાં પોતે ઘેર જાય છે એટલે તેની પુત્રી પુછે છે).

जसा— રાગ—નાથ કૈસે ગજકો.

પીતા દિલગીરી દીસે દિલ ભારી,
કહો અને કારણ આજ વિચારી, પીતા॰ ટેક.
પ્રજા મહીં. શું કોપ થયો કે, રાજની દ્રષ્ટી નઠારી;
કે કોઈ દુઃખ, પડ્યું છે શરીરે, કરમાઈ સુરત સારી. પી॰
આંગળી જો કોઈ ચાંધે તમોને, તો તે નકી વાઢનારી;
જો કોઈ ગાળ દીયે મુખથી તો, જીભ લહું નીરધારી. પી॰
મુખ સદા હસતું તમ પીતા, આજ હસે ન લગારી;
વાત કહો પીતા આજ અમોને, દીલગીરી હું કરૂં ન્યારી. પી॰

सुकडाल— રાગ—અફસોસ હમકો.

રે! પુત્રી મારી આજ છે, વિશેષ વિપતી;
વિપ્ર એક ઉપરે, રીઝયો છે ભૂપતી. રે॰ પુત્રી॰

રોજ એક કાવ્ય તે, બનાવે છે નવીન
શુણાવી નંદરાયને, કરે ખુશી અતી. રે! પુત્રી૦
એક લાખ સોનૈયા, આપે છે ઈનામ;
ખજાને રે! ખૂટી જશે, એવી ઉત્પતી. રે! પુત્રી૦

जक्षा— રાગ—કુંગનવા મોરા કરસે.

હે પુજ્ય પીતાજી શાને તમે શોચ કરોરે. આંચણી.
એક વિચાર એવો આવ્યોરે, મે નિશ્ચે ચીત ઠસાવ્યોરે;
એ વિપ્ર કચેરી આવે, જવ કાવ્ય કરી શુણાવે;
ત્યારે અમને બોલાવે, રાજા, એવું કહોરે. હે પુજ્ય૦
એ કાવ્ય સાંભળુ જ્યારેરે, મને યાદ રહેશે ત્યારેરે,
તે રાજાને સંભળાવું, વિપ્રનું માન ઉડાવું;
એમાં શું દીલડું આવું, દુઃખ માંહી શોરે. હે પુજ્ય૦

मुकडाल— રાગ—સોહર.

હે પુત્રી મારી પ્યારી, તારી વાત ખરીરે; આકુણી.
હુ હવે કચેરી જાઉરે, જ્યારે તમને બોલાવુંરે;
તો સત્વર ત્યાં તમે આવી, રાજાને કાવ્ય શુણાવી;
વિપ્રનું માન ઉડાવી, નાંખો પ્રેમ ધરીરે. હે પુત્રી૦

नंद्रराजा—(વીપ્ર આવ્યો નથી તેથી પ્રધાન પ્રત્યે)

ચાલ—ગીતી.

પ્રધાન પ્યારા મારા, કાવ્ય શુણાવા વિપ્ર હજુ નાવ્યો;
માટે સત્વર મારૂં, ખુશી કરાવા ચીવ વિપ્ર લાવો.

सुकडाल— **રાગ-સદર.**

વિવેકવંતા રાણા, શાણા શણો વાત કહું પ્રીતે;
વિપ્ર હમેશાં જુના, કાવ્ય કહે છે શાણો એક ચીતે.
(એટલામાં વિપ્ર પ્રવેશ કરી)

विप्र— **ભુજંગી વૃત.**

સદા પાંડલીપૂરના નંદરાજા,
ટળે તાપ દૂરે મળે સુખ તાજા.
ભલે રાજ તારૂં અખંડીત રેવે;
ખરે દ્વિજ આશીશ એ નિત્ય દેવે.

नंदराय— **રે જરા સુનોતો સાહી એ રાગ.**

રે કહ્યાં કવિત્ય તમે (૨)
મને વડુમનો પ્રસંગ હો કવિત્ય તમે. ટેક.
કાવ્ય મુજને લાગે જુના, તારા આજ આ સમે;
પરીક્ષાનો છે ઉમંગ, હો કવિત્ય તમે. રે કહ્યાં કવિત્ય તમે.
ખુશી જો હોય તારી તો, પંડીતને બોલાવી અમે;
કહો વિચારી અંગ, હો કવિત્ય તમે. રે કહ્યાં કવિત્ય તમે.

विप्र— **માલીની છંદ.**

નગર નૃપ આજે, પ્રેમ શું, દિલભાસે:
કવિત્ય નવિન નિત્યે, બોલું છું આપ પાસે.
નહીં નહીં અમમાંહી, વહેમ રજા ધરોને;
ખબર શરમ છોડી, આજ તેની કરોને.

सुकडाल— રાગ—ભરથરી ભ્રાતા વિચારીને

છે કાવ્ય માંહી (૨) બહુ નીપુણ તે મહારાજ;
ભ્રાંત તમારી ભાગશે, મમ પુત્રી બોલાવો આજ. ટેક,
એ વિપ્ર આપ (૨) કહે જુનાં કાવ્ય સદાય;
દામ હમેશાં તે લહે. એમ કહી દીજ મિથ્યાય. ભ્રાંત૦
મુજ દાદ ધરો (૨) તમે કૃપા કરી આવાર;
તેડાવો તમે આ સમે, મુજ પુત્રી જે હુંશિયાર. ભ્રાંત૦

नंदराजा—

એ પ્રતિહાર (૨) તમે બોલાવો પુત્રી આહ્ય;

प्रतिहार—

હુકમ ગ્રહું છું આપનો, હે ક્ષત્રી વંશ મહારાય. ભ્રાંત૦
(પ્રતિહાર પુત્રીને બોલાવી લાવે છે તે રાજા પ્રત્યે)

जसा— ગઝલ.

(મારા ધર્મથી વિશેષ મેં નથી કર્યું)

ક્ષત્રીવંશ ન્યાયવંત, છો મહિપતિ;
કેમ કામ આ સમે, પડયું શું ભૂપતિ. ટેક.
વેગથી મને બોલાવી, પાસ આપની;
કૃપા પ્રભુ ખરેખરી, ક્ષત્રી પ્રતાપની. ક્ષત્રી૦

नंदराय— ગઝલ—સોરઠની.

શણુ પુત્રી મારી આજ તું, ગણું ગણુમાંહી નિધાનરે; ટેક.

આવે વિપ્ર નિત્ય અહીં અરે, ચિત મારૂં તેના પરે ઠરે;
કહે કાવ્ય નિત્ય નવા કરી, દીસે છે અતિ તે સુજાણરે. ૩.
પણ વહેર. ચિત મને ખરો, તેની ખાતરી જો તમે કરો;
ગણું ગુણવંત અથાગ હું, કહે કાવ્ય તે લહો ધ્યાનરે. ૪.
(રાજા વિપ્રને કાવ્ય કહેવાનું કહે છે એટલે)

विप्र.— **તોટક વૃત.**

ગુણવંત સદા સુખ સંપ ચહો;
વિણ અન્ય નહીં જગમાંજ કહો;
સબ દૂર જરી દુઃખદાવ હશે;
જયકાર વણી જગમાંજ થશે.

આ કવિત જક્ષાએ સાંભળ્યું તે ધ્યાન રાખી પોતે રાજાને સંભળાવ્યું તેથી રાજા જક્ષાને શાબાશી આપે છે.

नंदराज— **રાગ—ખુનજારા.**

ગુણવંત પુત્રી તું મારી, છે ધન્ય ધન્ય જયકારી. ટેક.
આ નષ્ટ ટીજ દરાવ્યો, તુજ આગાડી લાગ ન ફાવ્યો;
કર્યું પ્રકાશ પોગળ ભારી, છે ધન્ય ધન્ય જયકારી. ગુણવંત૦
અહીં કાવ્ય નિત્ય તે કહેતો, એક લાખ સોનૈયા લેતો;
અરે ચિત મારૂં તે ઠરી, છે ધન્ય૦ ગુણવંત૦
શાબાશ પુત્રી તુજ જાણી, તેં ચાક ટાળી મુજ મનની;
કરૂં બક્ષિસ સાડી સારી, છે ધન્ય૦ ગુણવંત૦

(સાડી આપે છે તે લેઈ જક્ષા જાય છે.)

विप्र—(સ્વગત) **લલીતવૃત.**

અરર ઓ વિભુ આપી આપદા,
સમરતો તને હું પ્રભુ સદા;
મુજ ગરીબની શીકૃતી કરી,
અકુળ છે કળા તાહરી ખરી.
કવિત્વ હું નવા નિત્ય લાવતો,
પરમરાયને હું બતાવતો;
મુજપરે થતો ખુશ તે અતિ;
અરર આજ તે શી ફરી ગતી.

विप्र—(રસ્તામાં સ્વગત) **દક્ષણી લાવણી.**

પ્રધાન મારવા હવે કરૂં તૈયારીરે. અાંકણી.
જે ઉપાય, હાલ થાય, પાપ જાય તો, સદાય,
સુખની પથારીરે. પ્રધાન મારવા.
કપટમાં રમી, માન મારૂં શીશુંરે.
રાખી ઝેર, વાણુ નેર. કાળો કેર, તો છે લ્હેર.
પ્રપંચ કાંઈ વિચારીરે. પ્રધાન મારવા.

पंड्यो— **રાગ—મારી પ્યારી દાસીયો.**

આવો આવો પ્યારા છોકરાઓ આજે,
શીખવું આસન સાર.
જેથી આનંદના ઉભરા અંગ છાજે, શીખવું.
આજ આવો આાઢી, નિશાળ માંડી. શીખવું.

જેથી બુદ્ધિ વિકાસે, આપને હોસે. શીખવું.
પછે રાજાને દ્વારે, જઈને આવારે. શીખવું.
દેશે રાજા બક્ષેરી, ખુશે સોનેરી. શીખવું.

છોકરાઓ— રાગ—સદ્દર.

આવ્યા પ્રેમ ધરીને પંડ્યા હમારા,
શીખવે ગાયન આજ,
કરે દાણાદ્ર આજે, અગાધી ન્યારા, શીખવે૦
અતિ રંજનકારી, જે હિતકારી, શીખવે૦
કરી મે'ર આવારે, પંડ્યાજી પ્યારે, શીખવે૦
જઈશું રાજાની પાસે, ગાશું હુલ્લાસે. શીખવે૦
દેશે રાજાજી પ્રીતે, ભેટ ખચીતે, શીખવે૦
(છોકરાઓ નિશાળેથી નીકળતાં વખત)

છોકરાઓ— ઈંગ્રેજી-દાદરો.

૧ લો.—ચાલો આ વાર, રાજાને દ્વાર;
૨ જો.—સૌથી પહેલો, થયો તૈયાર;
૩ જો.—ગાયન હું કરું ત્યાં વાર;
બધા છોકરાઓ-ઠીક છે વાર, ઠીક ઠીક.
૫ મો.—કેમ વિચાર હવે જ કરો છો,
૪ થો.—ઢીલ હવે તમે શીદ ધરો છો;

૩ જો.—અક્ બક્ શાને આજ કરો છો;

બધા છોકરાઓ–ઠીક છે યાર, ઠીક ઠીક.

૪ થો.—પંડ્યાને હવે કે'વાનો;

૩ જો.—માર તને હું મારવાનો;

૪ થો.—લાગ નથી તે ફાવવાનો.

બધા છોકરાઓ–ઠીક છે યાર, ઠીક ઠીક.

(ત્યાર બાદ રાજાના મેહેલ નીચે છોકરાઓ ગાતાં ગાતાં જાય છે)

छोकराओ—રાગ-સ્વામી નાથ સ્વામી નાથરે.

નંદરાય નંદરાય નંદરાયરે,
સુકડાલ હાથથી, તું મર્ણું થાયરે;
સરૈયો રાજ ભોગવે, એ સત્ય વાતરે,
ચેતજો હો ચેતજો, નહીં તો ઘાતરે. નંદરાય૦

नंदराना—આવું કડું વેણુ સાંભળતાં નંદરાજા(સેનાધીપતી પ્રત્યે)

રાગ-આવું શું વદો છો.

જુઓ સેનાધીપતી છે, કોણ દ્વાર બહારેરે;
જીભથી કડુ આ વેણુ, કોણ તે પોકારેરે. જુઓ૦
અરે મારા મરણુની, વાત તે ઉચ્ચારેરે;
આહા હા ! શું કોપ થયો, જુઓ બહાર દ્વારેરે. જુઓ૦

सेनाधीपती— રાગ-સદર.

આપનો હુકમ રાજા, શીરતે ચઢાવુંરે;
જલ્દી મહેલ બહાર જઈ, એને અહીં લાવુંરે. આપનો૦

(સેનાધિપતિ છોકરાઓને તેડી લાવે છે. છોકરાઓ આવે છે અને રાજા છોકરાઓને પુછે છે ને ગીત ફરીથી ગવરાવે છે ત્યાર બાદ)

नंदराना— ચાલ ગીતી.

ગીત શીખ્યુ કેને, સત્ય કહોને મને આજ તમને;
ડરો નહીં તમે કોઈ, અંતર પડદો ખોલ દીયો અમને.

छोकराओ— રાગ સદર.

પંડ્યા છે અમ શાણા, ગીત શીખ્યું પ્રીત ધરી આજે;
હીતકારી તમ જાણી, અહીંયા આવ્યા સંભળાવા કાજે.

नंदराना—(સેનાધીપતી પ્રત્યે)

રાગ—અરે લાલદેવ.

અરે શું વદે છે જીભેથીજ બાળ,
થશે આજ મારો ખરે પાર કાળ;
અરે જલ્દી જાઓ સેનાધીપતી,
બોલાવો એ પંડ્યાને અહીં પ્યારથી.

(સેનાધિપતિ પંડ્યાને તેડવા જાય છે ને પંડ્યા આવે છે અને રાજા છોકરાઓને ગીત શીખવવાનું કારણ પુછે છે એટલે પંડ્યા કહે છે)

पंड्या— રાગ—સીંયાનો કેનરો.

રાય કહુંછું હું હિતકારી,
એતી લીયો આપ તે ચિત ધારી; ટેક.

સુકડાલ આજે તને મારવાને;
કરે સજ્જ ગોઝાર તે રાય ભારી. રાય૦
આદી તમારી સરૈયોજ લેશે;
સત્ય કહું છું હું તુમ સુખકારી. રાય૦

નંદાજર—(વીચારમાં પડી).

રાગ—દયાલુ દેવ કૃપાલુ તું.

પ્રધાના મુજ વિચાર્યું શું, હરામી રે થયો ક્યાય તું;
ગણ્યો તો મેં લઘુ ભાઈ, મતિ આ શી અરે આઈ;
અને મારવા કરે છે વિચાર, નિધી બુદ્ધિ થયો તું ગમાર;
અરે હત્યા કરે મારી, ગતી તારી નહીં સારી,
બન્યો સાથે હું તારી લીન, રહે જળમાં ખુશી જ્યું મીન;
અરેરે હાય દગો દેવા, વિચારો શું કરે કેવા.

(એટલામાં પ્રધાન આવે છે તેને ગુસ્સે થઈ કહે છે.)

નંદરાજ— ## રા—ક્ષત્રી કલંક.

ખસ ખસ તું તો અહીંથી ચંડાલ, હરામી ફટ ફટ તનેરે.
ખાળ તારૂં મુખ હવે સુકડાલ, હરામી૦
ધીક ધીક તું તો નીવડ્યો નાદાન; હરામી૦
કમજાત તારી બુદ્ધિ તે બદામ હરામી૦
તેં તો એવું કર્યું ખાધું માર અન્ન. હરામી૦
ફટ ફટ દગાખોર તારૂં તન. હરામી૦
મને મારવા કરે છે ઉપાય. હરામી૦
કેમ નીચ આ વીચાર તુજ થાય, હરામી૦

ખરે ધર્યો હતો તારા સાથે પ્યાર; હરામી૦
ત્યારે નીવડ્યો તું અરેરે ગમાર. હરામી૦
(પ્રધાન રાજાને સલામ કરે છે પણ રાજા સલામ
લેતો નથી તેથી ચાલ્યો જાય છે) (રસ્તામાં સ્વગત)

મુકડાલ— રંડાપો રાણકદેવીને. એ રાગ.

ધિક રાજા તુજને, થયો તું રે ગમાર;
રે! દશા ફરી હવે, કીધો નહીં વિચાર. ટેક.
શી ગતિ થશે હવે, તારા રાજ માંહ્ય;
બુદ્ધિ તારી ક્યાં ગઈ, અરે ઓ આજ આંહ્ય. ધિક.
નફટનું કપટ તેં, ન જાણ્યું લગાર;
ક્રોધમાં અતી થયો, તું મુજને આ વાર. ધિક૦
એક લાખ સોનૈયા, વિપ્ર લે છે સાર;
ખજાનોરે ખુટી જશે, એવો ક્યાં વિચાર ધિક૦
સવળું તે અવળું પડ્યું, કૃપાનિધી હે ઈશ;
દ્રષ્ટિથી દૂર કહાડીયો, ચઢાવી આજ રીશ. ધિક૦

(આવી રીતનો વિચાર કરતો કરતો પોતાને ઘેર ગયો.
લાછલદે પોતાના પતિનું મુખ ઉદાશી જોઈ પૂછે છે.)

લાછલદે— રાગ—શું બન્યો દિવાનો.

પ્રાણનાથ હમારા, કેમ આંસુ ધારા, પ્યારારે મારા. ટેક.
આજ ઉદાશી આપ દેખકે, વિચાર મુજ મન થાય;
શું અપમાન તે આજ થયું છે, રાજ સભાની માંય.
પ્રીતમજી પ્યારા, વિચાર તમારા, કહો આ વારા, પ્યારારે મારા
પ્રજા માંહી શો દોષ થયોકે, દીલ માંહી કોઈ દુઃખ;
રોજ હસે છે મુખ તમારૂં, આજ ન દીસે સુખ.
શાથી મમ પ્યારા, છો ગુણના ભારા, કરશું અમે ન્યારા, પ્યા૦

મુકદાલ— **ચાલ—ગાંતી**

પ્રાણ પ્રીયા તું મારી, સત્ય વચન હું ગોજ કહું તુજને;
ક્રોધ મહીં છે રાજા, ધિઃકાર દીધા આજ ઘણાં મુજને.
(સર્વ વૃત્તાંત કહી બતાવ્યા પછી.)
હવે કચેરી જુવું, વિચાર એવો ખરે થયો પ્યારી;
સરૈયો સાથે આવી, શીશ ઉડાવે ખડગ મને મારી.

ચાછલદે—રાગ—સહીયર દુઃખ શું દાખવું.

હાયે હાયે આ શું વેદા, મારા પ્રાણ આધાર;
આપ વિયોગ મને થશે, જીવવું ધિઃકાર. હાયે૦
રાજ તણું અપમાન જ્યાં, રહ્યું ત્યાં કેમ જાય;
પય પાઈ નાગ ઉછેરીયો, પણ ખાવા ધાય. હાયે૦
મહેલ ઝરૂખાતે માળીયાં, ગણું તે સમશાન;
પતિ વીયોગથી ના રહું, સાંભળો સુજાન. હાયે૦

મુકદાલ— **રાગ—સદર.**

પ્યારી મારી શોચ શું કરે, સમજુ થઈ આમ;
ધાર્યું મને કરવા દીયો, હઠ છોડી તમામ. પ્યા૦
સરૈયો પુત્ર છે આપણો, રહો તેની સંગાથ;
પ્રીતથી તમને પાળશે, સુખ ભારી ન સાથ. પ્યા૦
(એવામાં સરૈયો આવે છે ને આ વાત સાંભળે છે એટલે.)

સરૈયો— **રાગ—ઓખાહરણ.**

હવે પુજ્ય પીતાજી મારા, કેમ કરશો અમોને ન્યારા;
તુમ સાટે અમે તો મરીશું, તેમાં પગલું પાછું ન ભરીશું.

મુકડાલ—　　　રાગ—સદર.

એવું કૃત્ય કદી નવ થાય, લોકમાં બહુ લાજ ઘટાય;
મમ પુત્ર જાઓ હવે ત્યાંઈ, પાછળ આવું છું હું ભાઈ.

(સરૈયો જાય છે ને પાછળથી મુકડાલ જાય છે અને રાજાને મુકડાલ સલામ કરે છે પણ સલામ લેતો નથી એટલે સરૈયો તરવાર મારી પ્રધાનનું શીર ઉડાવે છે તેથી.)

નંદરાજા— રાગ—બાલુમ પીલે દારૂડી.

કીધું કૃત્ય તેં ગુણવાનરે, શું વિચારીને; ટેક.
માર્યો સદ્‌ગુણી પ્રધાનરે, શુ વિચારીને.
રાજ કાજમાં હતો, અતિ તે શુરવીર;
ખડગ મારી આ સમે, તેં લીધું એનું શીરરે. શું વિ૦

સૈરયો—રાય જેના ઉપરે, ક્રોધમાં અતિ હોય;
નોકર કેરો ધર્મ એ છે, શીર લેવું સોયરે. સુણજો રાજાજી.

નંદરાજા—બનવું જે તે તો બન્યું, શોક કરે શું થાય;
પ્રધાન પદવી આ સમે, તે તુજને સોંપાયરે. શું વિ૦

સૈરયો—　　　રાગ—કલ્યાણ.

શ્રુણ મહીપતિ, કરૂં છું વિનતી;
વડીલ ભ્રાત મારો, કળા નીધી અતી. આંકણી
કોશ્યા મંદિર હાલ વસે છે, કળા શીખે છે ત્યાંય;
ગાન તાનમાં ગુણવાન છે, કહું ખરેખર રાય. શ્રુણ૦
વિવેકમાં વિશાળ વડો છે, ગણિતમાં હુંશીયાર;
પ્રધાન પદવી તે સાચવશે, બોલાવો આ વાર. શ્રુણ૦

ન્યાય શાસ્ત્રમાં વળી અતિ છે, ચકોર જેવું ચિત્ત;
પ્રધાન પદવી દેવા માટે, બોલાવો ધરી પ્રીત. શુભ૦

नंदराजा—રાગ—સુરથીઓ શૂરવીર.

હવે તમે, હવે તમે, જલ્દી તેડી લાવો;
ગુણી સ્થુલીભદ્ર તે તો, મારે મન ભાવ્યો. હવે૦
પ્રધાનની ગાદી આજ, ખરે તેની રાખે લાજ;
જાણે રાજનિતિ કાજ, જલ્દી તમે જાઓ. હવે૦
વિવેક નાગર જાત, તેડી લાવો તમ ભ્રાત;
પ્રધાન વટાની વાત, કહી સમજાવો. હવે૦

(સરૈયો સ્થુલીભદ્રને તેડવા કોશ્યાને ત્યાં જાય છે ને ત્યાં કહે છે.)

सरैयो— રાગ—ભાભા આવો જુલમ.

ચાલો રાજા બોલાવે સ્થુલીભદ્ર તમેરે,
સ્થુલીભદ્ર તમેરે, આંહી આવ્યા અમેરે;
તેડવા તમને આ સમે, ચાલો રાજા.
દાદ અમારી, ફિરે ઉતારી, (૨)
આપ પધારો ત્યાં ક્ષણેરે. તેડવા. ચાલો.
વિવેક વંતા, ગુણ રસ તા; (૨)
રાયનુ મન મળવા ભમેરે. (તેડવા ચાલો)

स्थुलीभद्र— (કોશ્ય પ્રત્યો.) રાગ—અજાયેબ હોઉ.

રજા મે આજે લહુ રે, (૨) પ્રીયા વાત કહે દિલસી; ટેક.
રાજદ્વારથી આવીયો, ભ્રાત તેડવા આંહ;
રાય મને મળવા ચહે, જાવું મારે ત્યાંહ. રજા૦

ઘડી ચારમાં આવજુ, મળી ફરીને રાજ;
વહેમ તમે નહીં લાવશો, સત્ય કહુંછુ આજ. રજા૦
વાત વિચારીને તમે, રજા દીયો આધાર;
ભ્રાત મુજ ગભરાયછે, અહી થઈ બહુ વાર. રજા૦

कोश्या— હમકું છોડચલે બનબાધુ.

પ્રાણપતિ આ ઘુરે વદો છો, રાજા જુવત જાઆ શું કહોરે;
ભ્રાત તમારો પાછો વાળો, દાઝ અમારી ચિત લહોરે. પ્રા.
નાગર જાતી શાણી જાણી, અંગ ઉમગે પ્રીત કરીરે;
પાછળથી શું છેહ દીયોછો, આગ શાંહી આ પાર ધરીરે. પ્રા.
આપણે જાવું રાજને દ્વારે, કામ નહીં ત્યાં નાથ જરીરે;
માટે કહુ કરજોડી તમોને, પ્રીતમજી વારવાર ફરીરે. પ્રા.

स्थुलीभद्र— રાગ-ગઈ ગ્રીસ્મ થયુ ચોમાસુ—

આ વાત તમે ચિત ધારી, મને રજા દીયો મમપ્યારી;
નહીં દીલ કરો અહીં ભારી, હશે રાહ જોવાતી મારી.
મને નંદરાય બોલાવે, જવું ખરે આજ ત્યાં ભાવે;
કદી તેડું પાછુ જો જાવે, તો ક્રોધ મહીં તે થાવે.
વળી ઘણોજ ઠપકો આવે, હું હાલ, જઈ તતકાલ;
લઈને ભાલ, આવું હું તારી, મને રજા દીયો મમપ્યારી.

कोश्या— રાગ—સોરઠ.

ભલે પ્રાણ પ્રીતમજી આવોરે પણ વેહેલેરા પાછા આવો; ટેક.
વચન તમારૂં સત્ય ગણીને, રજા દઉ દિલ લાવોરે. પણ૦
જોજો અમને કરવો પડે ના, પાછળથી પસ્તાવોરે. પણ૦

(કોશ્યા મંદીરથી જાય છે ને રાજ્ય સભામાં આવે છે.)

नंद०—(સ્થુલીભદ્ર આવે છે તે જોઈ) રાગ—જણકેકલંદર.

આપ પધાર્યા, દ્વાર અમારા, આનંદ અતિશય છાજે છે;
મોતીડે હું આજ વધાવું. મુખ તે ચંદ્ર બીરાજે છે.
દીસો અતી ગુણવાન, લીયો ગાદી આ પ્રધાન; (૨)
પીતા તારા ગુજરી ગયાછે, ફરે જાણ; (૨)
માટે ધરો વિનતી, આ મહેરથી સુજાણ—દીસો. આપ.
નહીં કોય આપવીન, અહી લાયકજક્ષીણ (૨)
રાજનિતિ કાજમાં, ખરેખરા પ્રવીણ (૨)
પીતા ગાદીને, તમે, કરો હવે આપીન નહી આપ.

स्थुलीभद्र— રાગ—અફસોસ હમકો.

હે નંદરાજા તુજને, કરૂં છું વિનતી;
પિતાને રોગ શું થયો, કહો કૃપા પતિ. હે નંદરાજા.
શી રીતથી તે તો મુઆ, કરો મનેજ જાણ;
પછી હું ગાદી એમની, ભોગવું પતી. હે નંદરાજા.

नंदराजा— રાગ—પીયુને તજનનાર.

શૂણો સ્થુલીભદ્ર, કહું ખરેખર આપ;
વરરૂચી સંજોગે, મુઆ તમારા બાપ.
એક દીવસે કરી મેં, તેના શીર રીશ.
સરૈયાએ હાથે કરી, ઉડાવ્યું છે શીશ;
એહ છે કારણ તમે. જાણો ખરેખાત;
હવે મહેર કરીને લ્યો, ગાદી આજે ભ્રાત.

सूत्रधार— ચાબખો.

મુરખો રળી રળી કમાણોરે, માથે મુકશે મોટા પાણો; ટેક.
કુડા માપાને કુડાં તોલાં કરી, સાખે તું જૂઠ ગવાણો;

ક્રોધ કપટમાં લીન બનીને, ફદ ફદ તું ફુલેવાણો. મુ०
જપવંતો જે જાને જગતમાં, જીનરાજ તેં નવી જાણ્યો;
ક્રામી આંધ્રે. થઈ ગચ્યો કુકર્મે, વિચાર નવ મન આણ્યો રે. મૂ.
હાય હાય કરતાં વીતી ઉમરને, અરે પછી પસ્તાણો;
કે છેલ્લધાર શું રે કરં હવે, હારી ગયો તું ટાણો રે. મૂ.

स्थुलीभद्र—(સ્વગત.) यत.

॥ कामा च पुत्रादी परीवार सर्व ॥,

॥ समुद्र संसार सब लिप्त स्वर्थ; ॥

॥ राज्यस्थ सुखं हस्ता ज्युं श्रोतं, ॥

॥ जीनेंद्र भक्ति भव जीव हीतं. ॥

स्थुलीभद्र— રાગ—લાવણી.

નહીં જગતમાં સાર, અરે આ નહીં જગતમાં સાર;
સ્વારથીઆ સહુ આપ આપકે, નહીં જગતમાં સાર.
સમજ મન નહીં જગતમાં સાર. અરે०
દીપ પતંગ સમાનજ જાણો, થશે દેહ ખુવાર;
ગગન માંહી જ્યું કરે ઝુબાલા, જ્યું બીજલી ચમકાર;
સમજ મન જ્યું બીજલી ચમકાર. અરે०
રવી આથમે અનંત દેખું, સંધ્યા રંગ અપાર;
લાલ ગુલાબી સુંદર સોહે, રહે ઘડી તે ચાર.
સમજ મન રહે ઘડી તે ચાર. અરે०
મધુબીંદુ સમજાણો જગતમાં, ખરેખરા નરનાર;
માત પીતા સુત બેની બંધવા, સ્વારથમાં લડનાર.
સમજમન સ્વારથમાં લડનાર—અરે.

વિપ્ર હમેશાં કચેરી આવે, સોનૈયા લે સાર;
રાજ્ય ખજાનો અરે ખુટશે, કીધો એહ વિચાર.
સમજમન કીધો એહ વિચાર—અરે.
સવળુ મુજ પીતાએ કીધું, અવળું થયું આવાર;
ત્યાર પછી અમે જાણ્યો આ, મતલબીઓ સંસાર.
સમજમન મતલબીઓ સંસાર—અરે.
સંજમ શાધી અમે બાળશું, કર્મ ચપેટા ચાર,
ધ્યાન હવે જીન રાજધરીને, તરસું આ ભવપાર.
સમજમન તરશું આ ભવપાર—અરે.

(એમ કહી જાયછે અને રસ્તામાં સંભુતિ વિજયજી મુનિરાજ મળવાથી તે પ્રત્યે)

સ્થુલીભદ્ર— રાગ—નાથકેસે ગજકો.

ગુરૂ મારા વંદુ હું વાર હજારી,
આજે જાણ્યો જગત દુઃખકારી.ગુરૂ. ટેક.
માત પીતા સુત એની બંધવની,
સ્વાર્થ લગી શુભ યારી;
રંગપતંગ સમાન તે જાણી,
દુરે કર્યા મેં નિવારી. ગુરૂ.
આપની પાસે પ્રેમથી આવ્યો,
ધર્મ રોપાવા ક્યારી;
મેહેર કરી મુજ સંજમ આપો,
જે જગમાં જયકારી. ગુરૂ.

(શેહેરમાં જઈ સરૈયાની આજ્ઞા લઈ દિક્ષા આપે છે ત્યાર બાદ ગુરૂ આજ્ઞાથી ગુણિકા મંદિર ચોમાસું રેહેવા જાયછે)

કોશ્યા—(પોતાની દાસી પ્રત્યે) **ઉમાશીવજીકરજોડીને.**

પ્યારી દાસી હજી નાવ્યા મુજ પ્રાણનાથ, ટેક.
યથા ન્યારા, નાવ્યા પ્યારા, પ્રાણાધારા, પતિમારા,
ગૂણુવાળા, સઘ્રુ તારા, ઉઠ્યા અમિરધારા. પ્યારી.
કોલ કરી સ્વામી, ગયા પ્રાણુ વિસરામી;
જાગી, વિરહાનળે રીબામી, પ્રાણુનાથ;
રંગધામી, આજ હું પડી ઉદાસ, પતિને નદેખું ખાસ;
હજી નાવ્યા, આપી આશ, પણા નાથ ન્યારા. પ્યારી.

દાશી— **રાગ—દક્ષણી લાવણી.**

ફીકર પરહરો, ધીરજ આજ ધારીરે; ટેક.
સ્વામીરાજ, આવે આજ, આપકાજ, રાખી લાજ;
દયા ગણી તમારીરે. ફિકર૦
સ્નેહ તમો પરે, અતિ ધરાવે બાઈરે;
ધારીપ્યાર, તું શૃંગાર, હારધાર, શોકવાર;
વિનતિ હમારીરે. ફિકર૦

દાશી—(સ્થુલી ભદ્રને આવતા જોઈ) **રાગ—ધનાશ્રી.**

આજ થયો જયકાર, બાઈ મારા આજ થયો જયકાર.
પ્રીતમજી તમ મેહેલે પધાર્યાં, મહેર કરી આ વાર. બાઈ.
વિરહાનળ તમ કરશે ન્યારા, શોક ધરો ન લગાર. બાઈ.
પ્રેમ થકી તમે સજ્જ થઈને, ધરો શોળ શૃંગાર. બાઈ.
પ્રિય પતીને આજ વધાવો, મોતી તણા લઈ હાર. બાઈ.

कोश्या—(હર્ષીત થઈ આવી સ્થુલીભદ્ર પ્રત્યે.)

રાગ—સુરજ કુળ, શોભીતનર.

આનંદ અંગ આજ છે મળ્યા મને પતી;
પધાર્યા મહેલ માહ્યરે કરી કૃપા અતિ; આનંદ. ટેક.
વિરહાનળોની ઝાળ દિલમાં થતી;
આપને ન દેખું દિલ આગ લાગતી;
પ્રાણનાથ નિત્ય નામ આપ સાધતી;
પ્યારા, મારા, સારા, દિલદારી, કરી ન્યારી,
ચિત્ત ધારી શું, પતિ રતિ. આનંદ.
પધારો મહેલ માંહીરે, ઉભા શું ઉંબરે;
પ્રીત વર્ષ બારની છે, આપણી ખરે;
પ્યાર આજ દાખવો, પતિ હવે અરે.
આજે, ગાજે, છાજે, જયકારી, રંગભારી,
સુખકારી, ઉરમા અતિ. આનંદ.

स्थुलीभद्र— રાગ—શેત્રી કલંક.

છટ્ છટ્ તું તો રહે હવે દૂર,
અડીશ નહીં મને આજેરે,
મે તો લીધું સુખ હવે ભરપૂર, અડીશ૦
મારૂં મુનીવ્રત ભંગ થશે નાર, અડીશ૦
નારી સંગ નીચ નરક દાતાર, અડીશ૦

कोस्या— રાગ—ભેરવી.

(રાહ—અબ આવીંદ ખફાદિલ.)

પ્રાણપતિ અમારા શું આજ કીયો;
આજ તુમે આ ભેખજ ક્યાંથી લીયો. પ્રાણપતિ–

નાગર જાતી જાણી તમારી, પ્રીત અમે તમ સંગે વધારી;
હવે પાખંડ [illegible] કેમ કરો, પ્રાણપતિ.
ભોજન સુંદર માગ્યાં મુખે, લાવી મને બહુ દીધાં સુખે;
એહ પ્રિયાને દૂરે કેમ મેરો, પ્રાણપતિ.

(એમ કહી મહેલમાં લઇ જાય છે અને પાછીઆ-ડવા જાય છે)

स्युलीभद्र— રાગ—ક્ષત્રી કલંક.

આવ્યો ચોમાસું હું કરવા આવાર. અડીશ નહીં.
ગુરૂ રજા લઈ આજ હું આ દ્વાર. અડીશ૦
ગણું માતપીતા સગાં નહીં કોય. અડીશ૦
ખરે રંગ તે પતંગ સમ હોય. અડીશ૦

कोश्या— રાગ—પીયુને તજાવનાર.

પીયુ પીયુ પીયુ પીયુ નામ હું જપું;
પીયુને ન દેખું દીલગીરમાં ખપું;
આજ આવ્યા સ્વામી ત્યારે કરી બેઠા આમ,
બાર વરસની પ્રીત ક્યાં ગઈ તમામ.
આણ માનશું તમારી અમે સ્વામીનાથ,
પ્રભાતે ઉઠીને જોડી નમશું બે હાથ.
જમાડી તમોને પછી જમશું અમો,
પ્યાર ધરી સ્વામીનાથ સાથ હું રમો.

स्युलीभद्र— રાગ—ऐसे धोके देने वाले.

કોસ્યારંગ જૂઠી તારી, બાજી મને લાગે ભારી;
વદે છે શું વેણ નારી, મુની આગે દુઃખકારી;
કદી નહીં એ વનારી, મુનીપાસે વાત તારી. કોસ્યા.

નારી નીચ ગતી માંહ્ય, અરે જાય, લઈ અરે દુઃખી કરે;
જીવ તેનો પાર નહીં પડે અરે પડે અરે.
ખરૂં જીનેંદ્રનું ધ્યાન, ગણ્યું મેં સોના સમાન;
તેની આગે થઈ બેભાન, વાત શી કરે નાદાન. કોસ્યા.

કોસ્યા— (રાગ-દીલદારી કીનીરે.)

શું કહ્યું વિચારીરે (૨) અરે ઓ સ્વામી. ટેક.
ઓ જીવન મારા, પ્રીતમ પ્યારા, થયા શું ન્યારા.
વાંક હમારા, કહો મને ધારી ધારીરે. શું કહ્યું.
સુગુણવંત સહુ લાવ્યા જાયા, વંદું નિત્ય તમારા પાયા;
કરતાં, હરતાં, ફરતાં, મુજને પ્યારી પ્યારીરે. શું કહ્યું.
(કેટલીએક વાર પછી)
કોસ્યા તથા દાસીઓ વિગરે-(નાચ કરતાં કરતાં)

રાગ—કલ્યાણ. એકતાળ.

વંદત દિલદાર આજ, નારી તમ પ્યારી. આંચળી.
કોસ્યા ધામ રહી કદાચ, શિયળ તો ન સાચવાય;
મુનીવ્રત ભંગ થાય, લ્યો તમે વિચારી. વંદત.
વ્રત પાળવું જો હોય, જંગલે વસેજ સોય;
આવવું અહીં ન હોય, મુનીવ્રત ધારી. વંદત.
જો રીસાતી એક દિન, ચાલતું ન મુજ પીણું;
મનાવતાં મને પ્રવીણ, શું વદો વિચારી. વંદત.

स्थुलीभद्र— (રાગ—જુઓ જુઓ ત્રિપ્રે ભીડી).

ગમે તેમ હવે નાટારંગ, મુની તે વ્રત નહીં છોડેરે.
કદી છાંટા નહીં લઉં તારા અંગ, મુની૦
કદી ધ્રુવ હવે તજે નિજ ધામ; મુની૦
કદી મેરૂ ગિરી ચળે જો તમામ, મુની૦
કદી સૂર્ય અંધકાર હવે થાય, મુની૦
કદી હંસ ચાલ ભૂલી હવે જાય, મુની૦
કદી સમુદ્ર મુકે જો તેની લાજ, મુની૦
કદી સીંહ સુત તૃણ ખાય આજ, મુની૦
ચળે નહીં મન વગનની પાસ, મુની૦
દ... દીલમાં તું સમજી લે ખાસ, મુની૦

सुत्रधार— ચાબખો.

આંખલો મેલી દેને લટકાળીરે; જમડા જોઈ રહ્યા બમરાળી ટેક.
માત પીતા પુત બેની બંધવને, કોનાં અરે નરનારી;
મારૂં મારૂં કરી મિથ્યા મચે છે, તારૂં નથી તલભારી. આં.
પાડો પાડોશીની પ્રીત કરીને, રમે અતિ રંગધારી;
રંગ પતંગ પ્રમાણે પીછાનો, એ સાથે નહીં કોઈ તારી. આં.
ધ્યાન ધરો મન થીર કરીને, નવ પદનું જયકારી;
કે' છે સૂત્રધાર શીખ સહુને, પામશો આ ભવ પારી. આં.

कोश्या— રાગ—ભરથરીનો.

નાથ મારા તમે આજતો, બોલ્યા આ શું વચનજી;
મોહ ઉતાર્યો આમો પછી, બળે છે મુજ મનજી;
નારીની નીંદા હવે કરી.

પ્રેમ થકી જમતાં ખરે, બેસી ઝ પણ સાથજી;
પ્યારી કહીને બોલાવતાં, આજ શું થયું શું નાથજી;
નારીની નીંદા હવે કરી.

स्युलीभद्र—ચોમાસું અમો આંહી કરી, રહેશું માસ તે ચારજી

અહાર લેશું તમ ઘેરથી, સુણો ચતુર સુ નારજી;
વમનની ઈચ્છા તજો તમે.
ધર્મ સાધન અમે સાધવા, આવ્યા આ દરબારજી;
આજ્ઞા થઈ ગુરૂ રાજની, રહેવા તમારે દ્વારજી;
વમનની ઇચ્છા તજો તમે.

कोस्या—પ્રાણપતી મુજ જગતમાં, જાણે કો નહીં અમજી;

રંગ રમો અમ સંગમાં, કરૂં વિનતી તેમજી;
નારીની નીંદા તજો તમે.
બાર વરસની પ્રીતડી, તેને આપો શુ છેહજી;
પીયુ અમારા વિચારીને, કરો પાવન દેહજી.
નારીની નીંદા હવે કરે.

स्युलीभद्र–

ઉપદેશ દેવા ઈંહા તને, આવ્યા અમે આ વારજી;
સાચો ધરમ જીનરાજનો, ઉતારે ભવ પારજી.
શીખ ધરો શ્રોત આ તમે.
જગત સહુ નિજ સ્વાર્થમાં, રહે છે હુશિયારજી;

માત પીતા સુત બંધવા, સગાં નહીં લગારજી;
શીખ ધરો એક આ તને.

(કેટલીએક રીતથી સમજાવે છે એટલે),

કોશ્યા— રાગ—ગીરધારીનો.

મુનિરાયારે, શીખ સુણી સુખકારી, ખરો જૈન ધરમ જયકારી,
અમે પાળશુ રે, એ વ્રત જે શિવનારી, મને રંગ થયો છે ભારી.

ઝુલ.

હવે નવકાર મંત્ર જપાવુ રે, ફરી ધર્મને દીપ ખપાવુ રે;
તજી કૃત્ય હું બુરું આવુ રે, ગણશો સાચેરે વેસ્યા બુરો અવતારી. ખ૦
સહુ માગુરે, માફી હું ભુલ હમારી, પાય પડી હું વાર હજારી.
અભાગણીરે, ભૂલી હું અબળા નારી, મને શીખ દીધી હિતકારી;

ઝુલ.

એ ઉપકાર માનુ અનંતોરે, આ નીચ અમારો ધંધોરે;
તે છોડાવ્યો મારી રંધોરે,હવે લાગુરે સંસાર હું દુઃખકારી.પાય,

સ્થુલીભદ્ર— (રાગ—મુજ ઉપર ગુજરી.)

આજ કાર્તિક પુનમ દિન, દેવ દીવાળી,
પુરું થયું ચોમાસુ આજ, સુણો હિતકારી;
હવે ફરી અહીંથી વિહાર, વિદેશ વિચરશું;
દઈ જૈનધર્મનો બોધ, સદા અનુસરશું,
તને ધર્મ ધ્યાનની રીત, હવે અહીં ધારો;
જે કુકર્મ કીધાં હોય, દૂર તે વારો,
વળી બત્રિસ દોષો ટળ્યાં, સિધની સાખે;

તજી તેહ, સામાયકતણું, વ્રત જે ચાખે,
વળી જીનેંદ્ર કેરી; વિમળ ચિત્તથી સેવા;
હરે દૂર ગતીના ભંડાર, દેવાધી દેવા,
તજી લોભ મોહને, તજો કર્મની ખાણી;
જેથી વરશો સુખદાઈ, પરમ શિવરાણી.

कोश्या—— રાગ—આશાગોડી.

દરિશન દેજો હમોને, ગુરૂ મારા દરિશન દેજો હમોને. ટેક.
ધર્મ તણો આ વિયોગ છે ભારી, કહું આજે તમોને. ગુ૦
ઉપદેશ આપ્યો પૂરણ પ્રીતે, છેહ આ શું કરોને. ગુ૦
નવ વાડે બ્રહ્મચારી ગુરૂજી, ગુણી દીઠા તમોને. ગુ૦
ધીવર જળમાં મીન નિહાળો, તેમ આજ હમોને. ગુ૦
મહેર કરીને હવે મુની રાયા, ધ્યાન મારા રહોને. ગુ૦
પાય પડું હું વાર હજારી, દાદ મારી ધરોને. ગુ૦

स्थुलभद्र—(ગુરૂપાસેઆવી) રાગ—બાદલ બરસે છે.

ઋણો ગુરૂ હમારા આજ, આનંદ છાજે છે;
કર્યું ચોમાસુ કોશ્યા દ્વાર, હર્ષે બિરાજે છે.
અતિ કરતી નાટા રંગ, કોશ્યા અમ પાસે;
નથી ડુલ્યા લાંજ લગાર, કહું છું હુલ્લાસે;
દઈ જૈન ધર્મ ઉપદેશ, બુઝાવી કોશ્યાને;
જે કરતી નીચાં કર્મ, તજાવ્યાં ખાસ્યા મેં.
ગુરૂ હમારો મોહ વૃત્તાંત, સાંભળજો પ્યારે;
હવે આજ્ઞા આપો મુજ, જવા બીજે દ્વારે.

संभुतीविजयजी— રાગ—ગોપીચંદનો.

સ્થુલીભદ્ર તમારો, જયજય વાધ્યોરે આ વિશ્વમાં. ટેક.
વેશ્યા વ્યસનને આજ તજાવ્યુ, એહ કર્યો ઉપગાર;
જૈન ધર્મનો બોધ આપીયો, ધન્ય મુનીવર સાર. સ્થુ૦
કોશ્યા મંદિર કરી ચોમાસુ, શિયળ સાચવ્યુ સાર;
ધન્ય ધન્ય છે મુનીવર તમને, ડુબ્યા નહીંજ લગાર. સ્થુ૦
ચોરાશી ચોવીશી માંહી, અખંડ નામ નિરધાર;
સત્ય કહે છે ગુરૂ તમારા, સાંભળજો આ વાર. સ્થુ૦

सर्वपात्रो— રાગ—ઈ ગ્રેજી—કલ્યાણ.

આનંદ છે આનંદ આજ છે અતિ આનંદ;
સ્થુલીભદ્ર મુનીરાજ, પામ્યા સુખકંદ. આનંદ—ટેક.
કોશ્યા સાથે પ્રીત ધરી, રમ્યા વર્ષ બાર;
સમુદ્રમાં નાવ ડુબતું, જાણી તે વાર. આનંદ.
પ્રતિ બુઝયા આપથી, ભગાવ્યા ચોર ચાર;
કોશ્યાને બુઝાવી, કર્યો મોટો ઉપગાર. આનંદ.
ધન્ય એવા મુનીને, હું જાઉં બલીહાર;
વાડીલાલ પ્રેમથી, નમે છે વારંવાર. આનંદ.

સમાપ્ત.

અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોના મુબારક નામ.

અમદાવાદ.

૧૧ ભીખાભાઈ બાપાલાલ
૧૦ બલાખીદાસ લાલચંદ
૫ પ્રેમચંદ વીરચંદ
૧ ડાહ્યાભાઈ દોલતરામ.
૧ દલસુખ માણેકચંદ.
૧ કેશવલાલ ભટ્ટ
૧ ભીખા હરીચંદ
૧ છોટાલાલ મંછારામ
૧ સરૂપચંદ છોટાલાલ
૧ જેઠાલાલ મોતીચંદ
૧ દલસુખ મોતીચંદ
૧ નગીનદાસ ભોગીલાલ
૧ પોચાભાઈ અમીચંદ
૧ ભોગીલાલ જેઠાભાઈ
૧ સકરાભાઈ લલુભાઈ
૧ પ્રેમચંદ કાળીદાસ
૧ રતનચંદ ગીરધર
૧ કેશવલાલ દામોદરદાસ
૧ મોહનલાલ હરીલાલ
૧ બાલાભાઈ નથુભાઈ
૧ કેશવલાલ નાનાલાલ
૧ ચુનીલાલ કસલચંદ
૧ ચુનીલાલ જેસંગ
૧ છોટાલાલ લલુભાઈ
૧ નાનાલાલ મગનલાલ
૧ ફકીરભાઈ હઠીસંગ
૧ રાયચંદ હકમચંદ
૧ બાલાભાઈ હકમચંદ
૧ મોહનલાલ જેસંગ
૧ કેશવલાલ મગનલાલ
૧ દોલત પાનાચંદ
૧ દલપતભાઈ નગીનદાસ
૧ મગનલાલ મોતીચંદ
૧ પોપટ હકમચંદ
૧ ગલાબચંદ સુરચંદ
૧ હંસરાજ લખમશી
૧ શા. ગેહેલા ગગનલાલ
૧ શા. છના લલુ.

સાણંદ.

૧૦ જૈન બોધ બુદ્ધીપ્રકાશ સભા સભા તરફથી
૧ કાળીદાસ દેવકરણ
૧ ગાંધી કચરા નથુ
૧ સાતી જેસંગ
૧ ગોવા ઉમેદચંદ
૧ દેવશી ઠાકરશી
૧ માણેકચંદ તેજપાળ
૧ ડોસાભાઈ કાળીદાસ
૧ ધનજી ગલાબચંદ
૧ વાડીલાલ દોલત
૧ જીવણ રાયચંદ

આરેજા.

૫ કસ્તુરભાઈ કેશવલાલ
૧ બાપુભાઈ મોતીચંદ
૨ ભીખાભાઈ કેવળદાસ
૧ હકીમચંદ રવચંદ
૧ નાથાભાઈ હકમચંદ
૧ સોભાગચંદ નાથાભાઈ
૧ પ્રેમચંદ સાંકળચંદ
૧ દેવજી રવચંદ
૧ સુતાર ગગાભાઈ નથુભાઈ

મુંબઈ.

૧૦ ચુનીલાલ તરભોવનદાસ
૫ ચમનલાલ ફતેચંદ

ગાંગડ.

૧ વાઘેલા રણછોડજી રતનસંગ
૧ હજુરી સવા સમરામ

કોઠ.

૧ બહેચરલાલ પીતારામ
૧ હીમચંદ પરશોતમ

ખેડા.

૧૦ ખેડા જૈનોદય સભાના સેક્રેટરી શેઠ સોમાભાઈ પાનાચંદ તરફથી

સુચના.

અમારા સુજ્ઞ ગ્રાહકોને વિનંતી કરવામાં આવે છે કે આ ચોપડીના હેન્ડબીલમાં પ્રથમ (સ્થુલીભદ્ર ચરિત્ર નાટક) એ નામ આપવામાં આવ્યું હતું, પણ કેટલાક જૈન બંધુઓને તે નાટક નામ નહી પસંદ પડવાથી મજકુર નામ આપવામાં આવ્યું છે.

જાહેર ખબર.

અમારે ત્યાંથી નીચે લખેલા પુસ્તકો
રોકડી કીંમતે મળશે.

સ્થૂલીભદ્ર શિયળ મહાત્મ.		૦—૩—૦
વૃષભદત્ત દેવરાજ નાટકનાં ગાયનો.		૦—૩—૦
આનતુંગ માનવતી	(તૈયાર થાય છે.)	૦—૨—૬
મહાબલ મલયાસુંદરી		૦—૩—૦
સામાયક સૂત્ર અર્થ સહિત.		૦—૧—૬
ચંદન મલયાગીરી નાટકનાં ગાયનો.		૦—૨—૦
ચંદરાજ અને સતી ગુણાવલી નાટક.		૦—૩—૦

બહારગામવાળાએ અગાઉથી કીમત મોકલાવવા તસદી લેવી અને તેની સાથે ૦—૦—૬ ટપાલની વધારે મોકલાવવી.

આ ચોપડી મળવાનાં ઠેકાણું.

અમદાવાદમાં—પ્રસીદ્ધ કર્તા પાસેથી.
શા. લલ્લુભાઈ ઠે. હાજાપટેલની પોળમાં લીંબુચ.
વાડીલાલ હરીલાલ છીંકણીવાળા ઠે. સુરદાસ શેઠની પોળ.

ખેડામાં—જૈનોદય સભાના સેક્રેટરી શેઠ. સોમાભાઈ પાનાચંદ પાસેથી.

સાણંદ—જૈનોન્નતિ બુદ્ધિપ્રકાશ સભાના સેક્રેટરી પાસેથી.

માણેજા—કર્તા. શા. વાડીલાલ ઓઘડ પાસેથી.

લી० શેવક

શા० ભુલાભાઈ હઠીશંઘ.

[અમદાવાદ—રૂપા સુરચંદની પોળ